## Rāchee Rahone Ho Pyārā Bandhu

રાચી રહોને હો પ્યારા બંધુ, શ્રીજીસ્વરૂપની માંય…રાચી…ટેક

Rāchee rahone ho pyārā bandhu, Shreejisvaroopanee māy…Rāchee…(chorus)

સ્વામિનારાયણ જીભે રટતાં, જન્મ મરણ દુઃખ જાય,

Swāminārāyan jeebhe ratatā, janma maran dukh jāy

નામીએ સહિત નામ જ જપતાં, મૂર્તિમાં લેલીન થાય…રાચી…૧

Nāmee-e sahit nām ja japatā, murtimā leleen thāy…Rāchee…1

મૂર્તિને નિશદિન સમરતાં, પૂરણ પાત્ર થવાય,

Murtine nishadin samartā, pooran pātra thavāy,

પુરુષોત્તમરૂપ પાત્ર બને તો, મૂર્તિનું સુખ પમાય…રાચી…૨

Purushottamroop pātra bane to, murtinu sukha pamāy…Rāchee…2

અનાદિ મુક્તો રહે મૂર્તિમાં, શ્રુતિ સ્મૃતિ એમ ગાય,

Anādi mukto rahe murtimā, sruti smruti em gāy,

તરેહવારની સુખ ગંગામાં, નવલા નેહે ન્હાય…રાચી…૩

Tarehavāranee sukha gangāmā, navalā nehe nhāy…Rāchee…3

મૂર્તિમાં સંલગ્ન છતાં છે, સ્વામી સેવકને ન્યાય,

Murtimā salagna chhatā chhe, Swami sevakane nyāy,

સુખના દાતા સ્વામિનારાયણ, ભોક્તા મુક્ત સદાય…રાચી…૪

Sukhanā dātā Swāminārāyan, bhoktā mukta sadāy…Rāchee…4

મૂર્તિમાં રહી જો ધ્યાન કરે તો, મૂર્તિમાં રસબસ થાય,

Murtimā rahee jo dhyān kare to, murtimā rasabas thāy,

સુખસાગરમાં ઝીલતાં સૌને, નવીન સુખ ઊભરાય…રાચી…૫

Sukhasāgarmā jheelatā saune, naveen sukha oobharāy…Rāchee…5

મૂર્તિમાં રાખવાનું બિરદ, શ્રીજીનું ખાસ જણાય,

Murtimā rākhavānu birad, Shreejinu khās janāy,

દાસાનુદાસ વિનવે કર જોડી, થીજવા મૂર્તિમાંય…રાચી…૬

Dāsānudās vinave kar jodee, theejavā murtimāy…Rāchee…6

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com